# આગમ-સંપાદનનું દુષ્કર કાર્ય*

અહીંયાં વિદ્વાન વક્તાઓએ જે કંઈ કહેવું જોઈએ તે ઘણું કહ્યું છે. બહુ કહેવાનું રહેતું નથી. તેમાં પણ મારે શું કહેવું એ એક મોટો પ્રશ્ન છે.

હું તો ઇચ્છું કે અમે જે આ કામ કરીએ છીએ તેમાં અમારી ત્રુટિ ક્યાં છે તે સૂચવનાર અમને મળે. મહેનત તો ઘણી કરવામાં આવી છે. તેમ છતાં પ્રસંગે પ્રસંગે વિચારવામાં આવે ત્યારે ત્રુટિ એટલી બધી દેખાય છે કે આટલા મહાભારત કામને નિર્દોષ કેવી રીતે પાર પાડવું તે પણ સામે એક મોટો પ્રશ્ન છે. તેમ છતાં આજે કેટલાંક સાધનોને લીધે, પ્રાચીન ભંડારોનાં અવલોકનોને લીધે, સાહિત્યની આલોચનાને લીધે, અને વિદ્વાનોના સમાગમને લીધે જે કંઈ સ્ફૂર્તિ જીવનમાં જાગી છે તેનો ઉપયોગ અહીં કરી લેવો, એ દૃષ્ટિએ આ પ્રવૃત્તિ હાથ ધરી છે.

દુનિયાના વિદ્વાનો ઉપર નજર કરીએ ત્યારે અમારું સંપાદન પૂર્ણ છે, એમ કહેવાની અમે હિંમત નથી કરતા. જોકે આ કામ હું એકલો નથી કરતો; બધા જાણતા હોય કે હું આ કામ એકલો કરું છું, તેમ છતાં પણ એમાં મારી સાથે આત્મીય ભાવે કામ કરનાર ઘણા મિત્રો છે: દલસુખભાઈ, પં. અમૃતલાલ વગેરે ઘણા ઘણા એવા વિદ્વાનો છે, જેઓ આ કાર્યમાં રાતદિવસ રચ્યાપચ્યા રહે છે. એને લઈને મારો ભાર ઓછો થઈ જાય છે. છેલ્લાં વર્ષોમાં મારી આંખો મોતિયાને લીધે અસમર્થ હતી. તે વેળા આ વિદ્વાનોએ જ કામને વેગ આપ્યો હતો. સાત વર્ષ વહી ગયાં. સાઠની સાલથી આ વિચાર થયો હતો. આટલાં વર્ષોમાં એક જ વૉલ્યુમ બહાર પડ્યું. આથી એવો વિચાર આવે કે સાત વર્ષમાં એક જ વોલ્યુમ બહાર પડ્યું, તો બધું કામ ક્યારે પાર પડશે?

બીજી તરફ દૃષ્ટિ કરવામાં આવે તો એક એક વિષય પર આજે વિદ્વાનો જે વિચારે છે, એ વિચારવાનો સમય નથી, કામ ઘણું મોટું છે, એટલે અમે મર્યાદા નક્કી કરી આગમો તૈયાર કરીએ છીએ.

ડૉ. શુબ્રીંગ, ડૉ. લોયમન, ડૉ. આલ્સડૉર્ફ એ બધાએ આગમો વિષે ઘણું વિચાર્યું છે. હમણાં ડૉ. આલ્સડોર્ફના બે આર્ટિકલ્સ આવ્યા છે. એક તો ઇત્થીપરિન્ના વિષે હતો. આ ક્રિટિકલ પ્રકાશન ત્યાંના જર્નલમાં પ્રકાશિત કર્યું હતું. આ લેખનો ગુજરાતી અનુવાદ મહાવીર જૈન વિદ્યાલયના સુવર્ણ અંકમાં હતો. ઇત્થીપરિન્ના વિષે જૈન સાધુને પૂછવામાં આવે તોપણ તે બતાવી નહીં શકે કે તે

---

* શ્રી મહાવીર જૈન વિદ્યાલય, મુંબઈની મૂલ આગમસૂત્રો પ્રકાશિત કરવાની યોજના મુજબ શ્રી જૈન આગમ ગ્રંથમાલાના પ્રથમ ગ્રંથ 'नंदिसुत्तं अणुओगद्दाराइं च'ના પ્રકાશન સમારોહ પ્રસંગે આપેલ પ્રવચન. અમદાવાદ, તા. ૨૬-૨-૧૯૬૮.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કેવી વસ્તુ છે ને તેનું કેટલું મહત્ત્વ છે. ડૉ. આલ્સડોર્ફે તેના અધ્યયનને કાવ્યમય બનાવ્યું છે. હું નથી ધારતો કે અમારામાંથી કોઈ નેય એનો ખ્યાલ હોય કે આ અધ્યયન કાવ્યમય છે કે તેના છંદોનો ખ્યાલ હોય. અમે ત્યાં સુધી પહોંચ્યા નથી.

બધા આગમો ભેગા કરવામાં આવે તો સહકારથી અશુદ્ધિઓનું સંશોધન થાય; એ એકાએક શક્ય નથી. તેમ છતાં પ્રાચીન આદર્શો એકત્ર કરીએ તો કેટલીક વાર શુદ્ધ પાઠો મળે છે. એ આધારે અત્યારનું કાર્ય કરવામાં આવે છે. સામાન્ય રીતે અમારી દૃષ્ટિ કંઈક શ્રદ્ધાભિમુખ છે. કેટલીક વખત એમ કહેવામાં આવે છે કે શ્રદ્ધા મૌલિક વિચારોને રોકે છે. એમ બનતું હશે, પણ શ્રદ્ધાની મર્યાદા કરી બીજા પાઠભેદો વિચારતાં ઘણી વસ્તુઓ વિચારાય છે. માત્ર એક ગ્રંથના પ્રત્યંતરોના આધારે આ સંશોધન કરવામાં નથી આવતું. પણ તે ગ્રંથનાં અવતરણો, ઉદ્ધરણો ને પ્રાચીન પ્રમાણોનો અને આગમના પાઠોનો ટીકાકારો, ચૂર્ણિકારો, ટિપ્પનકારો ને વૃત્તિકારોએ—બધાએ જ્યાં જ્યાં નિર્દેશ કર્યો છે તે તે સ્થળોની તપાસ થાય છે. અત્યાર સુધી જે જે આગમો છપાયા છે તેને, પ્રાચીન તાડપત્રીઓની જે જે પ્રતો મળી શકી તે પ્રતો સાથે સરખાવી શુદ્ધ કરી રાખ્યા છે. તેને આધારે પાઠોનો નિર્ણય કરીએ છીએ.


ઘણી વાર એવું બને છે કે સંશોધનકારે સંશોધનમાં કોઈ સ્થળે જરૂર જણાય ત્યાં પાઠ દાખલ કરેલો હોય છે. તે યોગ્ય સ્થળે દાખલ થયો છે કે કેમ એ વિષે શંકા જાગે છે. અમારી આ મોટી મુશ્કેલી છે. એટલે શુદ્ધ પાઠો નક્કી કરવા મુશ્કેલ છે. કોઈ પ્રતિમાં જોઈ પાઠો દાખલ કર્યા છે કે કેમ, એ જેસલમેર, પાટણ, ડેક્કન કોલેજ, સૂરત, વડોદરાના ભંડારો જોઈ ને, તથા ખંભાતના ભંડારની પણ પ્રાચીન પ્રતિઓની તપાસ કરીને નક્કી કરીએ છીએ. પ્રાચીન કાળથી ત્યાં પાઠો પડી ગયા છે. આજ સુધી અમે એક જ કામ કર્યું છે. દરેક પ્રાચીન ગ્રંથોને અનેકાનેક પ્રતિઓ સાથે સરખાવ્યા છે. એને આધારે એ રીતે એક એક આગમનું સંપાદન થાય છે. ભવિષ્યે પણ એ જ પદ્ધતિ રહેશે. આ આગમો તૈયાર કરીએ છીએ તે વિદ્વાનો તપાસે; તપાસીને સ્ખલના હોય તેમ જ સંપાદન-પદ્ધતિમાં દોષ હોય તો તેનું ભાન કરાવશે તો અમે રાજી થઈશું. સ્તુતિ કરનાર તો ઘણા મળે છે, પરંતુ ત્રુટિઓ દેખાડનારા એવા વિદ્વાનો ઘણા ઓછા મળે છે. હું ઇચ્છું છું કે કોઈ ત્રુટિઓ બતાવે. અમે એ વસ્તુ લક્ષમાં લઈ તેનો ભવિષ્યે અમારાં સંપાદનોમાં ઉપયોગ કરીશું.

અત્યારે દલસુખભાઈ વગેરે અહીં છે નહીં. તે બધા સહકાર્યકરોનો આ કાર્યમાં સહકાર છે. આત્મીય ભાવે પોતાનું જીવન એ ઓતપ્રોત કરીને રહેલ છે. એવા કાર્યકરો ન હોય તો આ કામ ન થાય. પ્રાચીન કાળમાં અભયદેવાચાર્યે પણ લખ્યું છે કે ટીકાઓ રચતાં પહેલાં દરેક આગમોની શુદ્ધ પ્રતિઓ તૈયાર થતી; અનેક જાતનાં પાઠાંતરો જોઈ જવાતાં. એવાં પાઠાંતરો કે જેના પાઠભેદો મૂંઝવી નાંખે કે સેંકડો કૃતિઓના પાઠભેદોમાંથી કયો પાઠ સ્વીકારવો અને કયાને જતો કરવો ? શ્રી અભય-દેવાચાર્યને તેથી જ લખવું પડ્યું કે—

वाचनानामनेकत्वात् पुस्तकानामशुद्धितः ।
सूत्राणामतिगाम्भीर्यात् मतभेदाच्च कुत्रचित् ॥

દરેક ગ્રંથોમાં ક્યાંક થોડા ને થોડા વધતા, ક્યાંક નાના ને ક્યાંક મોટા, ક્યાંક શુદ્ધ ને ક્યાંક અશુદ્ધ પાઠભેદો મળી આવે છે. સેંકડો વર્ષોથી લિપિના વિકારોથી, લહિયાઓ લિપિ સમજતા નહીં તેથી તેમ જ વિદ્વાનો ભાષા ન જાણે તેથી પાઠભેદો વધતા રહ્યા છે. બધાનો વિચાર કરવો દુષ્કર છે. તેમ છતાં અમે વીતરાગદેવના પ્રતાપે જે કંઈ બુદ્ધિનું બિંદુ મળ્યું છે, તેનો આરાધનામાં ઉપયોગ કર્યો છે. વિદ્વાનો ત્રુટિઓ ક્ષમા કરે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



તીર્થાધિરાજ શત્રુંજયગિરિવર ઉપર, વાઘણ પોળના સમારકામ દરમ્યાન, તાજેતરમાં મળી આવેલ મહામંત્રી વસ્તુપાલના વિ. સં. ૧૨૮૮ના બે શિલાલેખો પૈકીનો પહેલો શિલાલેખ. (જુઓ પૃષ્ઠ ૨૯૯)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



તીર્થાધિરાજ શત્રુંજયગિરિવર ઉપરથી, વાઘણ પોળના સમારકામ દરમ્યાન, તાજેતરમાં મળી આવેલ મહામંત્રી વસ્તુપાલના વિ. સં. ૧૨૮૮ના બે શિલાલેખો પૈકીનો બીજો શિલાલેખ. (જુઓ પૃષ્ઠ ૩૦૦)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org